(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903]. Civ.A 27g.

**ફો.કેસ નં. :– ૧૧૫૮/૨૦૨૩**
**આંક:– ૧૯**
**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

| | |
|---|---|
| મારું નામ:– રફીક | પિતા/પતિનું નામ:– કાદરભાઈ જામ |
| | ઉ.વ.:– ૩૪ વર્ષ |
| ધંધો:– મજુરી | સરનામુ:– માર્કેટ યાર્ડ સામે, જીઆઈડીસી, હળવદ. |

**સોગંદ આપ્યા.....**

**ફરીયાદ પક્ષે સરતપાસ વિ. એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયા**

**(૧)** બે વર્ષ પહેલા હું હળવદ પો.સ્ટે. પાસેથી નીકળેલો ત્યારે પોલીસે એક તૈયાર પંચનામામા મારી સહી લીધેલી. શુ બાબતનું પંચનામુ હતુ તેની મને ખબર નથી. મારી હાજરીમા પોલીસે કોઈ ઈસમને અટક કરેલ હોય અને મુદામાલ હથીયાર તથા કપડા કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. મને એક અટક પંચનામુ બતાવવામા આવે છે જેમા પંચ ૧ તરીકે મારી સહી છે જે હું ઓળખુ છુ જે રજુ દાખલ **<u>આંક–૨૦</u>,** આરોપીને હું ઓળખતો નથી. મને મુદામાલ હથીયાર બતાવવામા આવે તો ઓળખી શકુ નહી.

**<u>હોસ્ટાઈલ:–</u>**

સાહેદને એપીપીશ્રીએ ફરી ગયેલો જાહેર કરતાં તેની ઉ.ત. ની મંજુરી આપી.

(૨) એ વાત ખરી નથી કે તા.૧૩/૦૮/૨૩ ના કલાક ૧૭/૪૦ થી ૧૮/૨૦ દરમ્યાન હળવદ પોલીસ સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૫૧૮/૨૩ ના કામે આરોપીઓને અટક કરી બનાવ સમયે ઉપયોગમા લીધેલ હથીયાર કબજે કરવાના હોય જેથી અમોને પોલીસે બોલાવેલ અને પોલીસે અમોને સમજ કરેલ જેથી અમે પંચમા રહેલ. એ વાત ખરી નથી કે હળવદ પોલીસ પાસે પો.સ્ટે.મા ત્રણ ઈસમો હાજર હતા જે પૈકી પ્રથમ ઈસમનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ અક્ષયભાઈ સુરેશભાઈ બાવળીયા રહે. સરંભડા વાળો હોવાનુ જણાવેલ અને તેને જમણા હાથમા સફેદ પાટો બાંધેલ હતો અને સંજયભાઈ ભરતભાઈ કોળીને છરી મારવા જતા ઈજા થયેલ હોવાનુ જણાવેલ અને બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરેલ જે જોતા એક ડાર્ક બ્લુ કલરનો શર્ટ હતો અને શર્ટના આગળના ભાગે જમણા ખીસ્સાની નીચે લોહીના ડાઘ જોવામા આવેલ અને તેઓએ આછા દુધીયા કલરનુ જીન્સનુ પેન્ટ રજુ કરેલ જે પેન્ટમા આગળ પાછળ લોહીના છુટા છવાયા ડાઘ જોવામા આવેલ જે શર્ટ તથા પેન્ટ એક કાપડની બેગીમા મુકી બેગીમા અમો પંચો તથા પોલીસની સહી વાળી કાપલી મુકી કાપડની બેગી સોયદોરા વડે સીવી લઈ પો.સ.ઈ. હળવદના હોદાનુ સીલ કરી કબજે કરેલ અને મજકુર ઈસમે બનાવ વખતે ધારણ કરેલ લોખંડની છરી રજુ કરેલ તે જોતા પ્લાસ્ટીકના હાથા વાળી લોખંડની છરી હતી જે પ્લાસ્ટીકના હાથાની લં બાઈ ૫ ઈંચ જેટલી અને છરીના ફળની ધારા વાળા ભાગ તરફથી લંબાઈ આશરે આઠ ઈંચ જેટલી હતી જે છરી ઉપર લોહીના કે બીજા કોઈ નીશાનો જવામા આવેલ નહી અને આ છરી કાપડની બેગીમા મુકી અમો પંચો તથા પોલીસની સહી વાળી કાપલી મુકી સીલબંધ કરી પંચનામાની

*એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

વિગતે કબજે કરેલ. ત્યારબાદ બીજા ઈસમને પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ રમણીકભાઈ જગાભાઈ બાવળીયા રહે. સરંભડા વાળો હોવાનુ જણાવેલ. ત્યારબાદ ત્રીજા ઈસમનું નામઠામ પુછતા પોતે પોતાનુ નામ અનીલભાઈ ધીરુભાઈ ઉઘરેજા રહે. સરંભડા વાળો હોવાનુ જણાવેલ અને તેઓએ બનાવ સમયે ઉપયોગમા લીધેલ બજાજ કંપનીનુ પ્લેટીના મો.સા. જેનો નંબર જીજે–૧૩–એફએફ–૯૯૨૧ હતો. જેની કીંમત રૂા.૧૫૦૦૦/– ગણી પંચનામાની વિગતે કબજે કરેલ અને આ ત્રણેય આરોપીઓને પંચનામાની વિગતે અટક કરી તેમના સબંધી સુરેશભાઈ ગોવિંદભાઈ બાવળીયા રહે. સરંભડાવાળાને જાણ કરેલ. એ વાત ખરી નથી કે અમોની હાજરીમા પોલીસે આરોપીઓને અટક કરી મુદામાલ હથીયાર તથા કપડા કબજે કરેલ હોય અને તે બાબતનું પંચનામુ અમોએ પોલીસને લખાવેલ અને પંચ તરીકે સહી કરેલ હોય છતા આરોપીઓને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી વી.જી.રાવલ**

(૩) એ વાત ખરી છે કે મે માત્ર પંચનામામા સહી કરેલી તે સીવાય મને કોઈપણ પ્રકાની માહીતી નથી.

**ઉલટતપાસ પુરી.**

**ફેરતપાસ નથી.**

**સ્થળ:– હળવદ.**

**તારીખ:– ૧૨/૧૧/૨૫**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.